NA
3148
G 18P

(18 P)

राष्ट्रीय अभिलेखागार पुस्तकालय
NATIONAL ARCHIVES LIBRARY
भारत सरकार
Government of India
नई दिल्ली
New Delhi

आह्वानांक Call No. ____________

अवाप्ति सं० Acc. No. 3148

3148

S. No 50

# સ્વદેશ કાવ્ય.



કીંમત એક આનો.



પ્રત ૨૦૦૦

સંગ્રહ કરી છપાવનાર અને વેચનાર,

[illegible] જદુલાલ નારણદાસ,

ઠે. સ્વામીનારાયણના મંદીર પાસે,

મુ. નડીઆદ.

NATIONAL ARCHIVES LIBRARY
No 3148
Date 29-3-72
GOVT. OF INDIA

# માતૃ સેવા

અમે તો હિન્દના યુવક, *લડીશું હિન્દના માટે;
અમે તો હિન્દના બાળક મરીશું માતને માટે.
નથી ડરતા નથી કરતા અમે તો જાનની પરવા;
અમોને ડર નથી કેનો અમે જન્મ્યા છીએ મરવા.
અમે આ યજ્ઞ આરંભ્યો ગીતાના મંત્રને ગાઇશું;
અમારા ગાંધીજી હોતા બલીદાનો અમે થઇશું.
અમે તો હિન્દના પુત્રો જઇ વસવા સ્મશાનો છે;
થયો અવતાર સ્વદેશી આ હવે તો ક્ષેભ શાનો છે.
હવે આ હિન્દને કાજે અમે હોળી લગાડીશું;
અને તે માહી હોમાઇ અજબ જ્વાળા જગાડીશું.
મહાભારત મચાવીશું અમારા હિન્દને કાજે;
સમર્પણ દેહ તો કરશું અમારા ધર્મને કાજે.
અમે બદલો નથી ચાહતા બનીશું ભોગ સૌ માટે;
અમે તો ભોગના શોખી અમારો ભોગ ન્યારો છે.
અમે તો કર્મ યોગીઓ નથી ફળની કશી પરવા;
તૃષાતો માતૃ સેવાની અમે તૈયાર રણે ચઢવા.

---

* અસહકારથી

કુલ પ્રત ૪૨૦૦૦ હજાર

ઉમરેઠ સરસ્વતી પ્રીં. પ્રેસમાં રતીલાલ બાલકૃષ્ણ ત્રિવેદીએ
નડીઆદ ના બુકસેલર જદુલાલ નારણદાસને માટે છાપી

## અમે સત્યાગ્રહી ચેલા

(લેખક-કલ્યાણજી વિઠ્ઠલભાઇ મહેતા-સુરત)

બન્યા ગાંધી ગુરૂજીના અમે સત્યાગ્રહી ચેલા;
અમારી ટેક જાળવવા મરી જાવા થયા ઘેલા.
દીધો છે મંત્ર ગાંધીએ સહીને જીતવું મરવું;
સહીને દુઃખથી તરવું ન દુઃખોથી કદી ડરવું.
નથી કૈં દ્વેષ અંતરમાં નથી ઘા મારવે સામો;
સહીને જીતવાનો છે અમારો ન્યાયનો દાવો.
ન કરવું હાજી હા કદીએ વસ્યું જો અંતરે બીજું;
ભલે શિર જાય તોયે શું? અમારે સત્ય તે કહેવું.
ભલે જંજીરથી જકડે વતન છો ખાલસા મૂકે;
જુલમ અપમાનની ઝડીયો ભલે અમ શિરપર વરશે.
અમે ના દાસ લક્ષ્મીના અમારી દાસી એ રહેશે;
અમારા માનને માટે ખુવારી છો બધી થાશે
તપાવે યા ડુબાડે કે અમોને ભઠ્ઠીમાં બાળે;
અમારે જીવવું મરવું હવે ગાંધીજીના હાથે.
શુરો સેનાપતિ ગાંધી અમારો સત્યનો કિલ્લો;
અચળ શ્રદ્ધા અમારી છે તુટે ના તોપથી તુટયો.
જગતનાં આસુરી શસ્ત્રો થશે જુઠાં પડી હેઠાં;
છુટયાં જ્યાં સત્યનાં બાણો અમારા રામનાં છોડયાં.
ધરા આખી ધ્રુજી જાશે સુણી સત્યાગ્રહી ટંકાર;
ઉતરશે દેવ સ્વર્ગેથી લઇને હાથમાં જયમાળ.

## વંદેમાતરમ્ સ્તોત્ર

શુધ્ધ સુંદર અતિ મનોહર મંત્ર વન્દેમાતરમ;
મૃદુલ સુખકર દુખહરી મંત્ર વન્દેમાતરમ.
મંત્ર યહ હય તંત્ર યહ હય જંત્ર વન્દેમાતરમ;
સિધ્ધિદાયક બુધ્ધિદાયક એક વન્દેમાતરમ્.
ઓજમય બલ કાન્તિમય સુખ શાન્તિ વન્દેમાતરમ;
મતિ પ્રદાયક અતિ સહાયક મંત્ર વન્દેમાતરમ્.
હરઘડી હરબાર હો હરનામ વન્દેમાતરમ્;
હરદમ હમેશાં બોલીયે ગુરૂમંત્ર વન્દેમાતરમ.
જપીએ નિરંતર શુધ્ધ મનસે મંત્ર વન્દેમાતરમ્;
સોતે સમય ખાતે સમય કલગાન વન્દેમાતરમ્.
આઠો પ્રહર દીલમેં રહે મૃદુતાન વન્દેમાતરમ્,
મુખસે હૃદસે રાતદીન હો જાપ વન્દેમાતરમ્.
તેગસે શિરભી કટે ભુલો ન વન્દેમાતરમ્;
મોતકી ઘડીઆં ગુજાદો નાદ વન્દેમાતરમ્.
જેલમાં હો તો જપો શુભ જાપ વન્દેમાતરમ્;
બેડીયાં ઝંકાર દે શુભ તાન વન્દેમાતરમ્.
વિર ગોલી તોપકી હૈ આડ વન્દેમાતરમ્,
તેગ બરછી કે લીયે હૈ ઢાલ વન્દેમાતરમ્.
કર્ણકા દૃઢ કવચ હય એક શબ્દ વન્દેમાતરમ્;
વિશ્વ વિજયી શત્રુ વિજયી મંત્ર વન્દેમાતરમ્.

(નાગપુર કોંગ્રેસ)

ભારત હમારા દેશ હૈ હિત ઉસકા નિશ્ચય ચાહેંગે;
ઉસકે હિતકે કારણે હમ કુછ ન કુછ કર જાયેંગે.
ભારત હમારી માતૃભુમી ઉસકા ઋણ હમ પર હૈ બહુત;
ઉસકે મીટાને કે લીયે હમ કુછ ન કુછ કર જાયેંગે.
ભારત કે દુખપ્રદ અવનતિપર કયોં ન અશ્રુ બહાવેંગે;
ઉનકે હટાને કે લેયે હમ કુછ ન કુછ કર જાયેંગે.
ધર્મવિદ્યા ઔર ધનસે ઉન્નતિ ભારકી હોવે;
ઉસ ઉન્નતિ કે માર્ગમેં હમ કુછ ન કુછ કર જાયેંગે.
સંસાર કે ઉદ્ધાર હેતુ કૃષ્ણ જન્મે જેલમાં;
તોફિર ભલા હમ કયોં ડરેંગે કુછ ન કુછ કર જાયેંગે.
ચાહે કિતને કષ્ટ હમકો કયાં ન હો ઉસકે લીયે;
સબ સહેંગે મર મિટેંગે કુછ ન કુછ કર જાયેંગે.
(મુંબઇ કોંગ્રેસ)

## સ્વરાજ્ય નાદ

જય જય હિન્દ અમારો દેશ,
સ્વીકારો એજ જીવન આદેશ— જય.
પ્રણય મંત્ર એ વેદ સુત્ર એ દેવ તણો સન્દેશ,
ગેબી ઘોષથી ગગન ગજાવો જય જય સ્વદેશ— જય.
નમન અમ ભારત ચરણે આજ,
હમારૂં પુન્યવંતુ એ સ્વરાજ્ય— નમન.
હૃદય તંતુ ગુંથી આત્મ વિણાનાં ગાન સુણાવો આજ;
લલીત કંઠથી મુગ્ધ મંત્ર એ જપો સ્વરાજ્ય સ્વરાજ્ય.—જય.
(રઘુનાથ)

# હમો સહુ ભારતનાં સંતાન

રાગ (મૈનુ કરો કલ્યાણ દયાળુ પ્રભુ મેનું કરો કલ્યાણ)

ભારતનાં સંતાન હમો સહુ ભારતનાં સંતાન....(૨)

ગાંધી કીચલુ અલી બીરાદરો. (૨)
લાલ પાલ ગુણ ખાણ—હમો.

મશહુર બાનુ મિસીસ સરોજની (૨)
નીડર રત્ન સમાન—હમો.

શ્રીમતી દેવી સરલા બીરાજે (૨)
અસહકારમા આગેવાન—હમો.

છે નસે નસમાં ભર્યું હમારૂં (૨)
ભારત ગૌરવ માન—હમો.

ભારતનો ભાગ્યોદય કરવા. (૨)
તન મન ધન કુરબાન—હમો.

શીખ અને ગુરખા ખ્રીસ્તી પારસી. (૨)
મરાઠા મુસલમાન—હમો.

પાઠ નીરંતર અકયનો ભણીશું. (૨)
કરી બંધુ રસપાન—હમો.

ગાંધી ગુરૂ ગણી શીક્ષણ લઇશું. (૨)
કરવા ઉદય હિન્દુસ્તાન—હમો.

અસહકારનું સત્ય શરણું ગ્રહી. (૨)
દીપાવીશું હિન્દુસ્તાન—હમો.

(ચોકશી જદુલાલ

## હવે મને હિન્દ છે વહાલો

રાગ-( જમાનો તો બદલાયોરે )

પાયો મ્હારા ગુરૂજીએ પ્યાલોરે,
હવે મને હિન્દ છે વહાલોરે.

કૌવતહર કેળવણીએ કીધા તન મન ધનથી ખુવાર;
માન અપમાનનું નહિ બન્યા મુરખના સરદાર,
કર્યો વધુ હાથ જે કાળોરે-પાયો.

કોર્ટ-રણે ખેલે શૂર વકીલો જીભ તીખી તલવાર;
જીતે કે હારે ન ન્હાવું નીચોવવું પહેલાં ભરે ઘરબાર,
ગુલામીની ગુંથે છે જાળોરે-પાયો.

ઘંટીનું પડીયું ગળે લટકાવીને ભુખે ખાલી કર્યું પેટ;
મોંમાં માર્યો સુધારાના લાડુનો ડુંચો ન ઉતરે હેઠ,
ધતીંગ એ ધારાનું ટાળોરે-પાયો.

સત્યનું શસ્ત્ર ને શીળનું બખ્તર શાન્ત સમી સજી ઢાલ;
આપ બળે ઝુઝી મરવું કે તરવું આજ કોણે દીઠી કાલ,
ખોટાં બધા અન્ય છે ખ્યાલોરે-પાયો.

શોકત, મહમદ, ગાંધીને કીચલુ સ્વાર્થ કર્યો બલીદાન;
હિન્દ તણા અણમુલ હીરા એ મંત્ર કહે બળવાન,
આહુતિ સર્વસ્વની આલોરે;
પડો પણ પાછા ન ચાલોરે-પાયો. (જીગર)

# જય જય બોલો હિન્દુસ્તાન

રાગ–(ઝેર ગયાં ને વેર ગયાં વળી કાળા કેર ગયા કરનાર)

હર હર હર મહાદેવ પુકારો અલ્લાહ અકબર રહેમાન,
હિન્દુ મોસલીમ એક થઇને જય જય બોલો હિન્દુસ્તાન
આ ભુમી આપણી દેશ આપણો એ પર જાન કરો કુરબાન,
ત્રીસકોટી ભારતનાં તનુજો જય જય બોલો હિન્દુસ્તાન.

એક કુટુંબી ભાઇ આપણે માતા ભારતનાં સંતાન,
હિન્દુ પારસી મુસલમીન સૌ જય જય બોલો હિન્દુસ્તાન.
મંદિરને મસ્જીદ બન્ને છે ઇશ્વર કેરાં ઉંચાં ધામ,
ભાઇ ભાઇમાં ભેદ ન હોયે જય જય બોલો હિન્દુસ્તાન.
એક નેકને એક ટેકથી કરો એકતા કેરૂં પાન,
રગ રગમાં સત્યાગ્રહ રેડી જય જય બોલો હિન્દુસ્તાન.
ધમ ધમ ધમ ધમ ધરા ધ્રુજાવો ફરકાવો ઉંચાં નિશાન,
સ્વરાજ્ય ડંકા ગગડાવી જય જય બોલો હિન્દુસ્તાન.

દૈવી યુદ્ધના શાન્ત સૈનિકો સ્થુળ બળનું હરવા અભિમાન,
સ્વાર્પણ કેરાં શસ્ત્ર સજીને જય જય બોલો હિન્દુસ્તાન.
તલવારો બંદુક ભાલાથી ઉંચાં છે આત્માનાં સ્થાન,
શરીર પડે પણ એતો અમ્મર જય જય બોલો હિન્દુસ્તાન.
વિજય માળ લઇ સ્વર્ગસુંદરી તત્પર છે કરવા સન્માન,
માતૃ વેદીમાં પ્રાણ અર્પીને જય જય બોલો હિન્દુસ્તાન.

(લેખક ચંદુલાલ નંદલાલ દેસાઇ-નડીઆદ)

## ખીલાફતકે લીએ દુઆ

ઇલાહી ભરોસા તેરા હર ઘડી હે,
મુસલમાન પર એક મુસ્કીલ પડી હે—ઇલાહી.
તુ મુસ્કીલકો હલકર તેરી સાંબલી હે,
નસારકી ફોજે જો સામી ખડી હે—ઇલાહી.
એ ખ્યાલ ઉનકે દીલમેં સોહોગા અબે રોજ,
કે સુલતાન કા મમલીક બડા હે—ઇલાહી.
ઇશે ખેંચ લેવેંગે જો મીલકે બાહમ,
એ સેતાનકે દીલમેં આકર અડી હે—ઇલાહી.
મગર યે નહી જાનને વો ખુદયા,
કે ઇમદાદ ઈનકો ખુદાકી બડી હે—ઈલાહી.
મુસલમાન આપસમેં તુમ એક હો જાવ,
ખુદા ફીર તો ઇમદાદ પર હરઘડી હે—ઇલાહી.
મુસલમાન મિલકર જો કરતે દુવાયે.
દુવા ઉનકી સમશીરસે બડી હે—ઇલાહી.
જલે દીલ જો મીલકર કરતે દુવાયે,
વો આહે નહી બલકે તોફે બડી હે—ઇલાહી.
મુસલમાનકા જો ચાહતે બુરાહે,
મુખ પર ઇનકે જો લાનત પડી હે—ઇલાહી.
અબ આગે ન કર શકતે કુચ ઔર કમતર,
ખુદા ઇનકો ટાલે મુસીબત બડી હે—ઇલાહી.

(મોલવી અબ્દુલ્લા)

## ખાદી–દેશની આબાદી

બજાવી મોહને બંસી ભણાવ્યો પાઠ ખાદીનો;
સુતેલું હિન્દ જગાડીને સુણાવ્યો મંત્ર ખાદીનો. ૧

નીહાળી માલ પરદેશી બન્યો તો દેશ દીવાનો
કરી જાદુ એ ગાંધીએ કર્યો ગુલતાન ખાદીમાં. ૨

કસાઈ મોહના ફાંસે બધો આ દેશ ચુંસાયે;
દયાએ મોહને લાવી બતાવ્યો માર્ગ ખાદીનો ૩

જુવો સ્વરાજ્ય ખેંચાતુ સુતરને તાંતણે આવે;
સુધરવા હિન્દનું ભાવી સ્વીકારો વસ્ત્ર ખાદીનાં ૪

ચઇ ફેસન ભુલી જાવો ખીલવવા દેશની સિદ્ધિ;
સપુત સંતાન ભારતના કરો ઉદ્ધાર ખાદીનો. ૫

થતો બરબાદ ના પૈસો બધો આ દેશમાં રહેતે;
હજારો રંક કુટુંબો કરે ગુજરાન ખાદીનો. ૬

રીસાઈ ગઈ બધી લક્ષ્મી કુસંપી હિંદ જાણીને;
મનાવા લક્ષ્મી દેવીને ધર્યો પોષાક ખાદીનો. ૭

ઘણો રૂડો ઘણો સોંઘો ટકાઉને ઘણો સાદો;
વહાલા હિન્દને સારૂ ભલો પોશાક ખાદીનો. ૮

ઘરેઘર રેંટીઆ દેખી વિદેશી મીલવાળાનાં;
જળે છે હાય ! હા હૈયાં પહેરે હિંદ હવે ખાદી. ૯

વિદેશી માલ પહેરીને કરેલાં પાપ ધોવાને;
હવે પસ્તાયલા હિન્દે સ્વીકાર્યો વેષ ખાદીનો. ૧૦

હશે જ્યાં પૂજ્ય એ ખાદી થશે ત્યાં પુર્ણ આબાદી;
ભલું જો દેશનું ચાહો સ્વીકારો વેષ ખાદીનો. ૧૧

## ખિલાફતપે–મોહબત

ખીલાફતપે જાં કો ફીદા કર રહે હય,
જો હુકમે ખુદાહે અદા કર રહે હય;
જો સરભી કટે તો ખીલાફતપે અપના,
યેહી હમ તો હકસે દુવા કર રહે હય. ૧
નબીજી ખબર લો હમારી કે અબતો,
યે ઝાલીમ બહોતહી જફા કર રહે હય;
કીયા હમકો તીરે સીતમકા નીશાના,
યે કયા ખુબ વાયદા વફા કર રહે હય. ૨
દીએ રંગ રૂટ ઔર સરભી કટાયે,
ઔર ઇસપેભી હમ પર જફા કર રહે હય;
કોઇ હમસે પુછે તો હમ સાફ કહેં દે,
ખીલાફતપે દીલકો ફીદા કર રહે હય. ૩
અજીઝ અપને કટવાયે હમને મગર વોહ,
વફાકે ઈવજમે જફા કર રહે હય;
બનાઇંગે હમ તુમકો આઇંદા વોહ દીન,
અભી કયા બતાયેંગે કે કયા કર રહે હય. ૪
દીખાદેંગે એક રોજ ઇસકા નતીજા,
અભી હમતો આહો બુકા કર રહે હય;
કે રૈયત નવાઝી કયસી હે યારો,
કે દર પરદા હમસે દગા કર રહે હય. ૫
ખબર લો ખુદારાહ મદીને કે વાલી,

કે હિમ્મત પે કયા કયા જફા કર રહે હય;
રહે તક કયામત ખીલાફત સલામત,
યે બંદે ખુદાસે દુવા કર રહે હય. ६

ખીલાફતકા હો બોલબાલા નઝીર અબ,
ખુદાસે યેહી ઇલતીજા કર રહે હય;
ખીલાફતપે જાં કો ફીદા કર રહે હય,
જો હુકમે ખુદાહે અદા કર રહે. ७

## મહાત્માજીનું પ્રિય ભજન

વૈષ્ણવ જન તો તેને કહીએ જે પીડ પરાઇ જાણેરે,
પર દુઃખે ઉપકાર કરે ને મન અભીમાન ન આણેરે.—વૈષ્ણવ.
સકળ લોકમાં સહુને વંદે નિંદા ન કરે કેનીરે,
વાચ१ કાચ२ મન નિશ્ચલ રાખે તો ધન્ય જનની ત્હેનીરે—વૈષ્ણવ.
સમદ્રષ્ટિને તૃષ્ણા३ ત્યાગી પરસ્ત્રી જેને માતરે,
જીવ્હા થકી અસત્ય ન બોલે પર ધન ન ધરે હાથરે—વૈષ્ણવ.
મોહ માયા વ્યાપે નહિ તેને દ્રઢ વૈરાગ્ય જેના મનમાંરે,
રામ નામ શું તાળીરે લાગી સકળ તીરથ તેના તનમાંરે—વૈષ્ણવ.
ધન લોભીને કપટ રહિત છે કામ ક્રોધ નિવાર્યાંરે.
ભણે નરસૈંયો ત્હેનું દરશન કરતાં કુળ ઇકોતેર તાર્યાંરે—વૈષ્ણવ.

(ભક્ત નરસિંહ)

---

१ બોલીથી, २ શરીર, ३ લોભ.

## જન્મ ભુમિનું જય મંગળ

જય મંગળ પ્રિય જન્મ ભૂમિનું ગજાવીએઃ-
ભગીરથ સમ વીરલ વીર ભારતી સુભટ સુધીર,
ઉર સમુદ્રને હિમાલયે ઉછાળીએ- જય.

જનની અંક ઝુલીએ અનુનાં રંગ ઝીલીએ;
આત્મબળ-ઉજાસથી બધું ઉજાળીએ- જય.

સત્ય અર્થ સજ્જ થાઓ વિજય વાવટો ઉડાવો,
વીર ધર્મથી ધરા સદા ધુજાવીએ- જય.

સત્યથી સચવાય કુદરત સમજીએ થઇ પ્રવૃત્ત,
ઘુમીએ ઝઝુમીએ જંગતો મચાવીએ- જય.

ભુતળ ફોડી ફોડીએ ઉંડી જડો ઉખેડીએ,
દોરને દમામ દેશનો જમાવીએ- જય.

સ્થિતિ સમય સ્વીકારીએ પ્રગતિ યત્ન યોજીએ,
જાતને સ્વદેશ કાજ કાં ન હોમીએ- જય.

માત દીન દુભાય છે સપુત પાપ પીછાનીએ,
દુખ દીપાવીએ ઉમંગીને વધાવીએ- જય,

દેશ સેવાના સ્વધર્મ અન્ય ન કર્તવ્ય કર્મ,
આત્મભાવથી બધું પ્રભુમય પિછાનીએ-[લલિત] જય.

**અસહકાર વીણા તૈયાર છે જરૂર ખરીદ કરો કીંમત**
ફક્ત એક આનો નં. ૧૦૦ ના રૂ. ૨-૮-૦

## સ્વરાજ્યની ચાવી

ઘરેઘર રેંટીયા નાખો કહે છે મહાત્મા ગાંધી;
સુતરને તાંતણે લઈશું વીરા સ્વરાજ્યની સિધ્ધિ— ૧
નથી લડવું નથી મરવું નથી કાંઈ માગવા જાવું;
ભુષણ એ ખાદી પહેરીને અસહકારી હવે બનવું— ૨
ગુમાવ્યા રેંટીયા ભાઈઓ જામ્યો બ્રીટનનો પાયો;
ગુલામી દુર કરવાને પુનઃ એ રેંટીઓ આવ્યો— ૩
સુદર્શન ચક્રના જેવો વિજયના નાદ કરનારો;
સકળ સિધ્ધિ એ દેનારો રૂપાળો રેંટીયો મ્હારો— ૪
શું એનો સ્વર છે મીઠો રૂડું સંગી ગાનારો;
મહાત્મને ઘણો વહાલો સુખી સ્વદેશ કરનારો— ૫
કરો સહુ પાઠને પુજા અમારો રેંટીયો રાજા;
આજીવન રેંટીયો કરતાં વાગ્યાં સ્વરાજ્યનાં વાજાં— ૬
દયાળુ રેંટીયો મ્હારો ઘણાનાં પેટ ભરનારો,
જગતમાં છે નહી આવો અમુલ્ય દાન દેનારો— ૭
અમારા દેશનું ગૌરવ સદા છે રેંટીયા માંહી;
વિસાર્યો રેંટીયા જ્યારે ભરાણી દેશનો આંહી— ૮
ઠરાવે દેવને દાનવ એવો છે રેંટીયો શુરો;
વધારે દેશનું ગૌરવ સગુણી રેંટીયો રૂડો— ૯
હીરો કહે હાથ જોડીને પધારો રેંટીયા બાપુ;
તમારી સેવને ખાતર કહોતો પ્રાણને આપું— ૧૦

(હીરાલાલ)

## બાળ યાચના

(રાગ—અમ્મા મુઝે અચ્છીસી ટોપી દીલાદે)

મા મને ખાદીની ટોપી અપાવો;
ખાદીની ટોપી અપાવો—મા મને.
ખાદીનું પહેરણુ ખાદીની ધોતલી;
ખાદીની કંથા પહેરાવો—મા મને.
ખાદીનું દફ્તર ખાદીના જોડા;
ખાદીથી સુંદર બનાવો (હા—બાપુ—હા)—મા મને.
બાપુ ગાંધીજીની દેશી નિશાળમાં;
સ્વદેશી ભણતર ભણાવો—મા મને.
પ્રીતે પ્રભુજીનાં ભજનો ગાતાં;
રેંટીયો રૂડો કંતાવો (હા—ભાઇ—હા)—મા મને.
સ્વરાજ્ય લઇશું સુતરને તાંતણે;
ખાદીનો મહીમા ગવાયો (હા—બેટા—હા)—મા મને.

(દ્રૌલતરાય સુંદરજી દવે—મુંબઇ)

## વીર જાગો જાગોરે

(રાગ—ખમાચ ત્રિતાલ)

વીર ! જાગો જાગોરે.

હિન્દ રડત દુઃખથી હાય હૃદય તમ શું નવ ચિરાય !
માત રૂદન ક્યમ ખમાય—સુજન જાગો જાગોરે.
કાન્ત વદન કરમ્યું હાય—અબલ બનેલ, જત પાય;
કમર કઠીન નવ રખાય—શો સજેલ વાગોરે.

છિન્ન ભિન્ન શી જણાય અનુપમ માત હિન્દ હાય
રાત દિન ક્ષીણ થાય તદપિ શું ન હાઝોરે
રિણત માત કયમ ઉંઘાય-ભગ્ય મનન્દ ફગી સહાય,
અધમ દ્વેષ પટકી પાય હિન્દુ સૈખ્ય લાવોરે.
રમ્ય દિવ્ય હયો ઉપાર યત્નમાં ભલે જીવ જાય;
હામ તો પ્રભુજી સહાય-વીર જાગો જાગોરે.
(વસંતવિનોદી)

## માતૃભુમિની વંદના

ઐ માતૃ ભુમિ તેરે ચરણોંમે શિર નમાઉં;
મેં ભક્તિ ભેટ અપની તેરી શરણમેં લાઉં—ટેક.
માથે પે તું હો ચંદન છાતી પે તું હો માલા;
જીહ્વા પે ગીત તું હો મેં તેરા નામ ગાઉં—ઐ.
જિસસે સપુત ઉપજે શ્રી રામકૃષ્ણ જેસે;
ઉસ તેરી ધુલીકો મેં નીજ શીષ પે ચઢાવું—ઐ.
માની સમુદ્ર જીસકી ધુલીકા પાન કરકે;
કરતા હય માન તેરે ઉશ પૈરકો મનાઉં—ઐ.
વ દેશ માનવ સે ચઢકર ઉતર ગયે સમ.
ગોરે રહે ન કાલે તુઝકો હી એક પાઉં—ઐ.
સેવામેં તેરી સારે ભેદોકો ભુલ જાઉં;
વહ પુણ્ય નામ તેરા પ્રતિદિન સુનુ સુનાઉં—ઐ.
તેરેહી કામ આઉં તેરાહી મંત્ર ગાઉં;
મન ઔર દેહ તુઝપર બલિદાનમેં ચઢાઉં—ઐ.

## તમારા દેશને માટે

કશું ના થઈ શકે અમથી અરે ઓ એમ વદનારા;
જરા તો લાગણી રાખો, તમારા દેશને માટે.
ન-ભીરુતા બતાવી દો થયા કાં સુસ્ત ને એદી;
જરા તો આંખ ઉઘાડો તમારા દેશને માટે.
પડ્યા જે કારમા ઘા તે મુંગે મોંઢે સહન કરતાં;
બહુ ઉંઘ્યા હવે જાગો તમારા દેશને માટે.
ભલે હો પારસી હિન્દુ અગર હો જો મુસલમીનો;
ધરો સમભાવના હૈડે તમારા દેશને માટે.
કરો જે કંઈ બને તે તે વિચારી દેશને ઈર્ષા;
તજી દો દંભ મગરૂબી તમારા દેશને માટે.
ધરો નહી ભાવના કો હી તવંગર યા ગરીબીની;
સમર્પો તન મન ધનને સદાના દેશને માટે.
ગણો ના તાપ ને ઠંડી ૠતુ વર્ષા નહી જાણો;
શીખી લો-પાઠ સ્વાર્પણનો તમારા દેશને માટે.
ભુમિને અસ્માનોને ધ્રુજાવી હાકથી દેતા;
ગયા વીર નર તે તો સદાના દેશને માટે.
સુખોને દેહના ભોગે કરી તે દેશની સેવા;
ગયા જે જે બધા હીરા સદા દેશને માટે.
તમારી જાતને માટે તમારા ભ્રાતને માટે;
સદા સર્વસ્વ આપી દો તમારા દેશને માટે.

(અરૂણ)

17

## બુકસેલર જદુલાલ નારણદાસ. મુ. નડીઆદ.

—:o:—

ટુંક સમયમાં જનસમાજમાં ઘણોજ ફેલાવો પામેલાં

## સુપ્રસિદ્ધ પુસ્તકો.

| | | |
|---|---|---|
| સ્વદેશ કાવ્ય | .... .... | રૂ. ૦–૧–૦ |
| અસહકાર વીણા | .... .... | રૂ. ૦–૧–૦ |
| રાષ્ટ્રિય ગરબા સંગ્રહ | .... .... | રૂ. ૦–૨–૦ |
| મુંબાઇની શેઠાણી ભાગ ૧–૨ | .... | રૂ. ૦–૨–૦ |
| સોળ વરસની સતી–નવ વરસનો પતિ ભાગ ૧–૨–૩–૪ | .... | રૂ. ૦–૪–૦ |
| ચહાદેવીની ચડાઈ—જમાનાનો જુલમ | | રૂ. ૦–૧–૦ |

| | |
|---|---|
| સ્વદેશ ગીતા ( ખલાસ છે ) | છપાય છે |
| સ્વદેશ ભકિત ( ખલાસ છે ) | નારી કે નાગણ |
| સ્વદેશ દર્પણ ( ખલાસ છે ) | દેવી કે ડાકણ |
| રાષ્ટ્રિય ચેતન ( ખલાસ છે ) | સતી કે શંખણી |
| કરાંચીના કેદી ( ખલાસ છે ) | ડાહયો કે દીવાનો |

## જાહેર સુચના.

હમારા પુસ્તકોનો વેપારી ભાવ બેહદ સસ્તો અને શરતો ઉદાર હોવાથી વેચનારા સારો નફો મેળવી શકે છે.

# જસમાઇનનો

## આયોડાઇઝડ

# સારસાપરેલા.

પરદેશી કે દેશી કોઇપણ બનાવટના બીજા સારસાપરેલા કરતાં જસમાઇનનો સારસાપરેલા ચઢીયાતો છે. એમ તેના વાપરનાર છાતી ઠોકીને કહે છે તમે વાપરીને ખાત્રી કરો. લોહી બીગાડ દુર કરી શક્તિ આપે છે પ્રમેહ, ચાંદી, ખસ, ખરજવાં, દરાજ, ગડગુમડ, શરીરે કાળા ડાઘ પડવા, શરીરે બળત્રા થવી, લકવા, સંધીવા અને લોહી વીકારથી થનારાં બધા દરદોમાં અકસીર દવા છે. દસ્તનું અનિયમીતપણું મટાડે છે. નિરોગી અને સશક્ત શરીર બનાવવા માટે જસમાઇનનો સારસાપરેલા ત્રણ બાટલી જરૂર પીજો. કીંમત રૂ. ૧ાા. વી. પી થી રૂ. ૧ાાા=. ૩ શીશીના રૂ. ૫)=. ૬ શીશીના ૯)=.

**લખો—જસમાઇન એજન્સી,**

**નડીઆદ, (ગુજરાત).**

આ ટાઇટલ 'મહેશ' પ્રીન્ટીંગ પ્રેસ (ગાયવાડી, ગીરગામ રોડ, મુબઇ—૪.) માં ગુણવંતલાલ છોટાલાલ દેસાઇએ છાપ્યું છે.

Encl. to R. no 574 of 21.8.23

3148

14

SWADESH KAVYA

or

National Songs.